જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૫/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૯૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૧૩૮ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૮ બીયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૭૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૯૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૬૯૪/૨૦૨૬**

એલીસબ્રીજઃ જયદીપસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ (ઉ.વ.૪૧)(રહે. જ્યોતીબાગ સોસાયટી આમ્રપાલી કોમ્પલેક્ષ સામે કારેલીબાગ વડોદરા) એ તા.૧૬/૦૫/૨૦૨૬ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માર્ચ/૨૦૨૫ થી તા.૧૩/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન "કેરીયર ક્રાફ્ટ કન્સલ્ટન્ટ" ની અમદાવાદ શાખા (ઓફીસ:૩૦૮, પ્રીવેરીયા કોમ્પલેક્ષ, પટેલ કોલોની નહેરૂનગર સર્કલનજીક આંબાવાડી) ખાતે ડેપ્યુટી મેનેજર તરીકે નોકરી કરતા આરોપી રૂશીલ દિપકભાઈ શાહ એ નોકરી દરમ્યાન "કેરીયર ક્રાફ્ટ કન્સલ્ટન્ટ" એજ્યુકેશન કંપનીના વિદ્યાર્થીઓ પાસેથી યુનિવર્સીટીની ફી ના નામે કુલ રૂપિયા ૨૯,૧૩,૬૭૦/– મેળવી લઈ, તે પેટે ટુકડે–ટુકડે રૂપિયા ૧૮,૩૦,૫૫૮/– પરત ચુકવી, બાકી લેણા રૂપિયા ૧૦,૮૩,૧૧૨/– પરત નહી ચુકવી નાણાની ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એચ.ડોડીયા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૬૯૫/૨૦૨૬**

ઈસનપુરઃ લોકેશ સ/ઓ માતાફેર રાવત (ઉ.વ.૨૨)(રહે.સતાધાર સોસાયટી ઉજાલા સોસાયટીની સામે ગોવિંદવાડી ઈસનપુર) એ તા.૧૬/૦૫/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૫/૦૫/૨૦૨૬ સવારના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૬૩,૧૫૦/– મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ.એસ.પઠાણ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૬૯૬/૨૦૨૬**

કાગડાપીઠઃ વિશાલભાઈ સુરેશભાઈ શાહ (ઉ.વ.૪૪)(રહે.ન્યુ વાઘેશ્વરી સોસાયાટી, સુમન ચિલ્ડ્રન હોસ્પીટલ પાસે, ઘોડાસર, ઈસનપુર) એ તા.૧૬/૦૫/૨૦૨૬ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૫/૨૦૨૬ સવારના ૫/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે અસલાલી ખાતે આવેલ મસાણી પાર્કીંગ થી કાંકરીયા તળાવ સામે આવેલ એ.એમ.સી મલ્ટીલેવલ પાર્કીંગ સુધીના રસ્તે કોઇ અજાણી વ્યક્તિ આયસર ગાડીના ડ્રાઈવર ગોવિંદપ્રશાદ શ્રીપદ કશ્યપ ની નજર ચુકવી આયસર ગાડીમા ભરેલ કાપડના પાર્સલમાથી બે પાર્સલ કે જેમા આશરે ૨૯૭ મીટર કાપડ કિમત રૂપિયા ૧,૨૪,૦૦૦/– મતાનુ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.બલાત ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૬૯૭/૨૦૨૬**

એલીસબ્રીજઃ જીતેન્દ્રકુમાર સ/ઓ અમૃતલાલ ખરાડી (ઉ.વ.૨૮)(રહે. ગામઃ– મોજાળીયા તા:–વિજયનગર જી:–સાબરકાંઠા) તા.૧૬/૦૫/૨૦૨૬ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે આંબાવાડી ખાતે "સી.એન.સિંદુર" નામની નવી બનતી બાંધકામની સાઈટના ચોથા માળે લોખંડના સળીયા લઈ જવા માટે દરેક માળ ઉપર એક–એક માણસ ઉભો રહી લોખંડના સળીયા ઉપર ચોથા માળે ચડાવી રહ્યા હતા. જે લોખંડનો સળીયો ચોથા માળ ઉપર સેંટીન્ગનું કામકાજ ચાલતુ હોય ત્યાં લોખંડના પાઈપ ગોઠવેલ હોઈ તે પાઈપને લોખંડનો સળીયો અડી જતા લોખંડનો પાઈપ નીચે પડતા, નીચે ઉભા રહેલ જીતેન્દ્રકુમાર ખરાડીના માથા ઉપર પડતા ગંભીર ઈજા થતા સારવાર માટે તેમને એસ.વી.પી હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સવારના ૯/૨૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૬૯૮/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ ગૌરવ સ/ઓ નરભેરામ પટેલ (ઉ.વ.૨૫)(રહે. વિશ્વાસ સીટી–૦૨, વિશ્વાસ બંગ્લોઝ સામે, આર.સી.ટેકનીકલ રોડ, ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૫/૨૦૨૬ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાની જાતે ઝેરી દવા પી લેતા પ્રથમ સારવાર માટે "અર્થ હોસ્પીટલ" ખાતે અને ત્યારબાદ તા.૧૫/૦૫/૨૦૨૬ નારોજ તેમને ગાંધીનગર સિવીલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૫/૨૦૨૬ બપોરના ૩/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઇન્દ્રવિજયસિંહ પ્રતાપસિંહ ચલાવે છે.

વટવાઃ સચીનકુમાર સ/ઓ ઉપેન્દ્રકુમાર શુક્લા (ઉ.વ.૨૬)(રહે.શિવમપાર્ક સોસાયટી, આસોપાલવ સોસાયટીની બાજુમા, વટવા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૫/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લાગેલ હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામદેવસિંહ ચતુરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી